| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪–૦૬–૨૦૨૬ |
| નોંધણી તારીખ | ૦૪–૦૬–૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૦–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ<br>૦૦ ૦૦ ૦૭ |

**લીંબડીના મહે.એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ – લીંબડી**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૧૮૮/૨૦૨૬**

આંક–.......

રાવલ ચેતનભાઇ ડાયાભાઇ,
ઉ.વ.આ.પર, ધંધો.વેપાર,
રહે.બોટાદ, ૨/અ, રેવા નગર, અમરદીપ પેટ્રોલપંપ સામે,
પાળી યાદ રોડ, બોટાદ ૩૬૪૭૧૦.

– **અરજદાર**

વિ રૂ દ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત – **સામાવાળા**

**બાબત–** સાયલા પો.સ્ટે.ગુ. રજી.નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૧૩૪/૨૬, બી.એન.એસની કલમ– ૧૧૦, ૫૪ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેનશન એકટ ૧૯૦૮ ની કલમ–૪ તથા એક્ષપ્લોઝીવ એકટની ૧૮૮૩ કલમ– ની ૯(બી)(૧)(બી), ૧૨ મુજબના ગુન્હાના કામે બી.એન.એસ. એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી :: વી.આર.સોંડલા, જી.એસ.સભાડ.
સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી :: કે.બી.શાહ.

---

**– હ રા વ –**

(૧) અરજી વંચાણે લીધી, ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, સાયલા પો.સ્ટે.ગુ. રજી.નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૧૩૪/૨૬, બી.એન.એસની કલમ–

૧૧૦, ૫૪ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેનશન એકટ ૧૯૦૮ ની કલમ-૪ તથા એક્ષપ્લોઝીવ એકટની ૧૮૮૩ કલમ- ની ૯(બી),(૧)(બી), ૧૨ આ કામના આરોપી નં.૧ રામાભાઇ સામળાભાઇ સાંબડનાઓએ સાયલા

તાલુકાના સુદામડા ગામની સીમ સર્વે નં.૧૪૮૭ વાળી જમીનમાં ગેરકાયદેસર કાળા પથ્થરનુ ખોદકામ કરવા માટે આરોપી નં.૨ પાસેથી આશરે ૫૫૦ કીલો ગ્રામ જેટલો એક્ષપ્લોઝીવનો જથ્થો બીજાની જીદંગી જોખમાઇ તેવુ જાણવા છતા તે રીતે પ્લાન્ટેશન કરાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલો છે. અરજી રજીસ્ટર થતાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલી છે.

(૨) અરજદાર તેઓની અરજીમાં જણાવે છે કે, અમો અરજદાર બોટાદના રહેવાસી છે અને વેપાર કરીને તેમનુ તથા તેમના કુટુંબનુ ગુજરાન ચલાવે છે અને બોટાદ ખાતે નવી કન્યાશાળા અવાડા ગેટ આગળ લીઝનો ધંધો કરીએ છીએ અને તેને લગત લાઇસન્સની નકલ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, ફરીયાદમાં હાલના અરજદારનુ નામ જણાવવામા આવેલ નથી કે હાલના અરજદારનો કોઇ રોલ દર્શાવવામા આવેલ નથી. તેમજ

સદર હકીકત જોતાં અમો અરજદાર બનાવવાળી જગ્યાએ હાજર હોય તેવો કોઇ આક્ષેપ નથી જેથી અરજદાર નિર્દોષ હોવાનું જણાઇ આવે છે. તેમજ ફરીયાદ જોતા કોઇ જગ્યાએ સ્થળ ઉપરથી કોઇ વ્યકિતની અટક કરવામાં

આવેલ નથી તેમજ કોઇ માણસની હાજરી મળી આવતી નથી હાલના અરજદારે કોઇ મનુષ્યની જીદંગી જોખમાઇ તેવુ કૃત્ય કરવામાં આવેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ સદર ગુનાના કામે રામાભાઇ સામળાભાઇ સાંબડ, રહે.સુદામડા, તા.સાયલાવાળાએ આપ નામદાર કોર્ટમા ૧૫૯/૨૬ થી રેગ્યુલર જામીનને લગત અરજી કરેલ હોય તેમાં તેમા શરતોને આધીન જામીન મુકત કરેલ છે. જે હકીકત ધ્યાને લેવા વિનંતી છે તેમજ હાલના અરજદારને પેરીટીનો લાભ આપવા અરજ કરેલ છે તથા અરજદાર ઉપરોકત સરનામે કાયમથી તેમના કુટુંબ સાથે રહે છે. કુટુંબની

જવાબદારી અરજદારના શીરે છે જેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. તેમજ અરજદાર કહેવાતો ગુનો કરેલ નથી કે આ ગુનામા સામીલ નથી કે આવા પ્રકારનો ધંધો કરતા નથી અને અરજદાર સામે મૃત્યુ દંડ અને આજીવન કેદની સજાને પાત્ર ગંભીર ગુનાનો કોઇ આક્ષેપ નથી.

અમો અરજદારની પોલીસ આ ગુનાના કામે ખોટીરીતે ઘરપકડ કરે તો અમો કુટુંબકબીલા વાળા હોય કુટુંબીજનોને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને અમો અરજદાર ઉપર ખુબજ ત્રાસ થાય તેમ છે. અમો અરજદારએ ખોટીરીતે જેલવાસ ભોગવવો પડે તેવી પરીસ્થીતીનું નિમાર્ણ થાય તેમ હોય તથા નામદાર સુપ્રિમ કોર્ટના ગુરૂબક્ષસિંહ સીબીયા(૧૯૮૦ એ.આઇ.આર.એસ.સી., પાના નં.૧૬૩૨) તથા સિધ્ધરામ મ્હોત્રા વિ.મહારાષ્ટ્ર રાજય (એ.આઇ.આર.૨૦૧૧ એસ.પી., પાના નં.૩૨૧) તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના રાજેશ પ્રહલાદભાઇ જોષી વિ.ગુજરાત રાજય (૨૦૧૧(૨) જી.એલ.એચ., પાના નં.૨૫૬) ના ચુકાદાઓને ધ્યાને લઇને અરજદારની જામીન અરજી મંજુર કરવા દલીલ કરેલ છે. વધુમા આપ નામદાર કોર્ટ ફરમાવે તે શરતો નુ ચુસ્ત પણે પાલન કરવા અમો ખુશી અને તૈયાર છીએ તથા સહ આરોપીને અગાઉ આપ નામદાર કોર્ટમાં રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ હોઇ પેરીટીનો લાભ આપી જામીન સંબંધે પ્રસ્થાપિત ચૂકાદાના સિધ્ધાંતો ધ્યાને લઇ જામીન અરજી મંજુર રાખવા દલીલ કરી છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.બી.શાહ હાજર થયેલ છે. તેઓ દલીલ કરતા જણાવે છે કે, આ કામના અરજદાર આરોપીએ રીઢા ગુનેગાર છે અને તેની ઉપર અગાઉ પણ અન્ય આ પ્રકારના બે ગુના રજીસ્ટર થયેલ છે. તેમજ વધુમાં સાયલા પો.સ્ટે.થી પો.સ.ઇ. ધ્વારા આ ગુનાને લગત આંક–૪ થી સોગંદનામુ રજુ કરવામા આવેલ છે જેમા ગુનાને લગત તમામ હકીકત સામેલ રાખેલ છે. આમ ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઇ સદર અરજી ના–મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) હાલના કામે અરજદાર તરફે વિ.વ.શ્રી.હાજર થયેલ છે. તેઓ દલીલ કરતા જણાવેલ છે કે, હાલનો ગુનો તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ બનેલ છે અને ફરીયાદ તા.૦૭/૦૪/૨૬ ના રોજ બનેલ છે, આમ સદર ફરીયાદ ૨૪ દીવસ મોડી દાખલ કરવામા આવેલ છે તથા ફરીયાદમા અરજદારનુ નામ કે કોઇ રોલ નથી અને અરજદાર નિર્દોષ અને જગ્યા પર કોઇને અટક કરવામાં આવેલ નથી અને કોઇ માણસની હાજરી મળી આવતી નથી હાલના અરજદારે કોઇ મનુષ્યની જીદંગી જોખમાઇ તેવુ કૃત્ય કરવામાં આવેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ સદર ગુનાના કામે રામાભાઇ સામળાભાઇ સાંબડ, રહે.સુદામડા, તા.સાયલાવાળાએ નામદાર કોર્ટમા ૧૫૯/૨૬ થી રેગ્યુલર જામીનને લગત અરજી કરેલ હોય તેમાં શરતોને આધીન જામીન મુકત કરેલ છે. જે હકીકત ધ્યાને લેવા વિનંતી છે તેમજ હાલના અરજદારને પેરીટીનો લાભ આપવા અરજ કરેલ છે તથા અરજદાર ઉપરોકત સરનામે કાયમથી તેમના કુટુંબ સાથે રહે છે. કુટુંબની જવાબદારી અરજદારના શીરે છે જેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. તેમજ અરજદાર કહેવાતો ગુનો કરેલ નથી કે આ ગુનામા સામીલ નથી કે આવા પ્રકારનો ધંધો કરતા નથી અને અરજદાર સામે મૃત્યુ દંડ અને આજીવન કેદની સજાને પાત્ર ગંભીર ગુનાનો કોઇ આક્ષેપ નથી તથા અરજદારની પોલીસ આ ગુનાના કામે ખોટીરીતે ધરપકડ કરે તો તેઓ કુટુંબકબીલાવાળા હોય કુટુંબીજનોને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને અરજદાર ઉપર ખુબજ ત્રાસ થાય તેમ છે. અરજદારએ ખોટીરીતે જેલવાસ ભોગવવો પડે તેવી પરીસ્થીતીનું નિમાર્ણ થાય તેમ હોય તથા નામદાર સુપ્રિમ કોર્ટના ગુરૂબક્ષસિંહ સીબીયા(૧૯૮૦ એ.આઇ.આર.એસ.સી., પાના નં.૧૬૩૨) તથા સિધ્ધરામ મ્હોત્રા વિ.મહારાષ્ટ્ર રાજય (એ.આઇ.આર.૨૦૧૧ એસ.પી., પાના નં.૩૨૧) તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના રાજેશ પ્રહલાદભાઇ જોષી વિ.ગુજરાત રાજય (૨૦૧૧(૨) જી.એલ.એચ., પાના નં.૨૫૬) ના ચુકાદાઓને ધ્યાને લઇને અરજદારની જામીન અરજી મંજુર કરવા દલીલ કરેલ છે. વધુમા આપ નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું ચુસ્ત પણે પાલન કરવા અરજદાર ખુશ

અને તૈયાર છે તથા સહ આરોપીને અગાઉ આપ નામદાર કોર્ટમાં રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ હોઇ પેરીટીનો લાભ આપી જામીન સંબંધે પ્રસ્થાપિત ચૂકાદાના સિધ્ધાંતો ધ્યાને લઈ જામીન અરજી મંજુર રાખવા દલીલ કરી છે.

(૫) બંને પક્ષકારો તર્ફે કરવામાં આવેલ રજુઆતો, અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારનું આંક-૦૪ નું સોગંદનામું વંચાણે લીધું તથા અરજદાર/આરોપીની ગુનામાં સંડોવાયેલા હોવાનું પ્રથમ દર્શનીય જણાઈ આવે છે. અગાઉ અત્રેની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૯/૨૦૨૬ ના કામે આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ હોય અને હાલના ગુનાના અરજદાર/આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન ઉપર હકકદાર થતા હોઈ અરજદાર/આરોપી સામેના ગુના સબબ ગુણદોષ ઉપર મૂલ્યાંકન કર્યા વગર હાલના અરજદાર ફકત પેરીટીના ગ્રાઉન્ડ ઉપર આગોતરા જામીન ઉપર મુકત થવા હકકદાર હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

1. અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજૂર કરવામાં આવે છે.
2. અરજદાર/આરોપીને સાયલા પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૧૩૪/૨૬, બી.એન.એસની કલમ-૧૧૦, ૫૪ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેનશન એકટ ૧૯૦૮ ની કલમ-૪ તથા એક્ષપ્લોઝીવ એકટની ૧૮૮૩ કલમ- ની ૯(બી),(૧)(બી), ૧૨ મુજબના ગુનાના કામે તપાસ કરનાર અમલદારે જો અટક કરવાનો પ્રસંગ ઉભો થાય તો અરજદાર/આરોપીને રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ની રકમના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપેથી તેઓને નીચેની શરતોને આધિન આગોતરા જામીન ઉપર મુક્ત કરવામાં આવે, તેવો હુકમ કરવામાં આવે છે.

**-:: શ ર તો ::-**

1. અરજદાર/આરોપીના તપાસ અધિકારીને પોલીસ રીમાન્ડની જરૂર જણાય તો તે અંગે યોગ્ય તે હકુમતવાળી અદાલતમાં અરજી આપી જરૂરી હુકમ મેળવી શકશે. સક્ષમ અદાલતે આ હુકમને લક્ષમાં લીધા સિવાય ગુણદોષ આધારે તે અરજીનો નિર્ણય કરવાનો રહેશે.

2. અરજદાર/આરોપીએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી વખતે કોર્ટ સમક્ષ નિયમીત હાજર રહેવુ.

3. અરજદાર/આરોપીએ અદાલતની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

4. અરજદાર/આરોપીએ તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો સદર ગુનાના કામે તપાસ અધિકારી સમક્ષ જમા કરાવવો અને જો ધરાવતા ન હોય તો તે મતલબનુ સોગંદનામુ રજુ કરવુ.

5. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદો સાથે ચેડા કરવા નહી કે તેઓને ધમકાવવા નહી કે સીધી કે આડકતરી રીતે લોભ, લાલચ કે પ્રલોભન આપવુ નહી.

6. અરજદાર/આરોપીએ ફરી આવા ગુનામાં પોતાની જાતની સંડોવણી કરવી નહી.

7. અરજદાર/આરોપીએ તેમના વર્તમાન રહેઠાણનુ સરનામુ તથા વતનનુ કાયમી સરનામુ યોગ્ય પુરાવો રજુ કરી જણાવવુ તથા પોતાનો ટેલિફોન નંબર સોગંદનામા ઉપર જાહેર કરવો અને આ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય સરનામા કે ટેલિફોન નંબરમાં ફેરફાર કરવો નહી.

હુકમ આજ તા.૧૦ માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૧૦/૦૬/૨૦૨૬
સ્થળ - લીંબડી.

**(માધુરી ધ્રુવકુમાર પાન્ડેય)**
Code No.GJ-01542
એડીશ્નલ સેશન્સ જજ, લીંબડી